# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

******************************************************

1) દોહા દૂતાવાસે રાસ લાફાન ઘટનામાં 12 ભારતીય નાગરિકોના મોતની પુષ્ટિ કરી.

2) લખનૌમાં બનેલી ભયાનક આગની ઘટના બાદ છ વ્યક્તિ સામે કેસ નોંધાયો તેમાંથી ચારની ધરપકડ કરાઇ.

3) ભારતીય ચાર માલવાહક જહાજે હોર્મુઝ સ્ટ્રેટને સફળતાપૂર્વક પાર કર્યુ.

4) અમેરિકાએ ઈરાનને 60 દિવસ સુધી તેલ વેચાણની છૂટ આપી.

5) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બીજા નાગરિક સન્માન સમારોહમાં 65 પદ્મ પુરસ્કારો એનાયત કરશે.

6) ભારતીય પુરુષ હોકી ટીમ આજે FIH પ્રો-લીગ મેચમાં હરીફ પાકિસ્તાન સામે ટકરાશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIAN EMBASSY-QATAR INCIDENT

દોહામાં ભારતીય દૂતાવાસે આજે જાહેરાત કરી હતી કે કતારના અધિકારીઓએ રવિવારે રાત્રે રાસ લાફાન ઘટનામાં 12 ભારતીય નાગરિકોના મોતની પુષ્ટિ કરી છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે અને દોહા સ્થિત ભારતીય દૂતાવાસે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. શ્રી શંકરે કહ્યું કે તેઓ દોહામાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ સાથે સંપર્કમાં છે અને દુર્ઘટનાથી પ્રભાવિત ભારતીય નાગરિકોના પરિવારોને સહાય પૂરી પાડવામાં આવી રહી છે

ગત રવિવારે રાત્રે કતારના સૌથી મોટા ગેસ સુવિધામાં વિસ્ફોટ બાદ ઓછામાં ઓછા 13 લોકો માર્યા ગયા છે અને 66 ઘાયલ થયા છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે શહેરના મુખ્ય લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) પ્રોસેસિંગ સાઇટને રાસ લાફાન ઔદ્યોગિક ક્ષેત્રમાં ટેકનિકલ ખામીન કારણે આ અકસ્માત બન્યો હતો.

કતારના ઉર્જા મંત્રી સાદ શેરીદા અલ-કાબીએ જણાવ્યું હતું કે વિસ્ફોટથી દેશના નિકાસ પર કોઈ અસર થશે રાસ લાફાન બંદર વિશ્વનું સૌથી મોટું કૃત્રિમ બંદર છે અને તેમાં વિશ્વની સૌથી મોટી LNG નિકાસ સુવિધા છે.

# LAKHNOW BLAST

લખનૌમાં બનેલી ભયાનક આગની ઘટનામાં 15 વિદ્યાર્થીઓના મોત થયા હતા, પોલીસે ગઈકાલે રાત્રે છ વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો અને તેમાંથી ચારની ધરપકડ કરી હતી.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશો બાદ લખનૌ વિકાસ સત્તામંડળ, અગ્નિશમન વિભાગ અને વીજળી વિભાગના ચાર અધિકારીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

VC- SUSHIL TIVARI

# FERTILIZER SHIPMENT- HORMUZ

ભારતીય માલવાહક ચાર જહાજ ગત અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટને સફળતાપૂર્વક પાર કરી ચૂક્યા છે. જેમાં યુરિયા, ડી-એમોનિયમ ફોસ્ફેટ અને સલ્ફરના વહન કરતા ચાર માલવાહક જહાજોનો સમાવેશ થાય છે

આ જહાજો હાલમાં આંધ્રપ્રદેશના કૃષ્ણપટ્ટનમ અને કાકીનાડા બંદરો, ઓડિશામાં પારાદીપ બંદર અને ગુજરાતમાં મુંદ્રા બંદર સહિત સમગ્ર દેશમાં તેમના નિર્ધારિત ગંતવ્ય બંદરો તરફ આગળ વધી રહ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ તાજી આયાત દેશના હાલના ખાતર બફરને પૂરક બનાવવા અને ચાલુ કૃષિ જરૂરિયાતોને સુરક્ષિત કરવા માટે તરત જ માર્કેટમાં મૂકશે.

તેણે માહિતી આપી હતી કે દેશના સંગ્રહ કરેલા ખાતર સ્ટોકની સ્થિતિ 196 લાખ ટન છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 168 લાખ ટન હતી. ખાતરનું કુલ વેચાણ 153.4 લાખ ટન પર પહોંચ્યું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 140.2 લાખ ટનના વેચાણની સરખામણીમાં 13.2 લાખ ટનની વૃદ્ધિ થઈ છે.

# ADD- IRAN-US TALKS

ઈરાન યુદ્ધને સમાપ્ત કરવા માટેના વચગાળાના કરારના ભાગ રૂપે, અમેરિકન ટ્રેઝરીએ ઈરાની તેલ પરના પ્રતિબંધોને 60 દિવસ માટે માફ કરવાનો આદેશ જારી કર્યો છે. આ આદેશ બાદ ઈરાન તેના તેલના ઉત્પાદન અન્ય દેશ સાથે વેચાણ કરી શકશે.

સાંભળીએ એક અહેવાલ........

**VC: વિશેષ શુક્લા**

# PADMA AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં બીજા નાગરિક સન્માન સમારોહ દરમિયાન પદ્મ પુરસ્કારો 2026 એનાયત કરશે. રાષ્ટ્રપતિ 65 પદ્મ પુરસ્કારો એનાયત કરશે, જેમાં બે પદ્મ વિભૂષણ, સાત પદ્મ ભૂષણ અને 56 પદ્મશ્રીનો સમાવેશ થાય છે.

ટેનિસ દિગ્ગજ વિજય અમૃતરાજ, અભિનેતા મામૂટી, પ્લેબેક સિંગર અલ્કા યાજ્ઞિક અને ક્રિકેટર રોહિત શર્મા સહિત 65 અગ્રણી હસ્તીઓ રાષ્ટ્રપતિના હસ્તે પ્રતિષ્ઠિત પદ્મ પુરસ્કારો પ્રાપ્ત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## NEW PM -REPUBLIC SUMMIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત ઝડપથી વિકસતા, વિશ્વસનીય વૈશ્વિક શક્તિ બનવા પાછળ રાષ્ટ્ર પ્રથમનો સિદ્ધાંત પ્રેરક બળ રહ્યો છે.**

**નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસ દ્વારા આયોજિત સમિટને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે G7 સમિટમાં વિશ્વના નેતાઓ ભારતના રાષ્ટ્રીય હિતોને પ્રથમ રાખવાની દેશની પ્રતિબદ્ધતાને સ્વીકારે છે.**

**પ્રધાનમંત્રીએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં લગભગ 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જેના કારણે એક મોટો નવો - મધ્યમ વર્ગ ઉભરી આવ્યો છે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળ્યો છે. તેમણે ભાર મૂક્યો કે ગરીબ અને મધ્યમ વર્ગને સશક્ત બનાવવું એ સરકારની મુખ્ય પ્રાથમિકતા રહી છે, જેમાં**

પોષણક્ષમ આવાસની પહેલ, કર સુધારા, આરોગ્યસંભાળ યોજનાઓ અને સુધારેલી શહેરી માળખાગત સુવિધાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## SHAH-PORTAL LAUNCH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED) ના ઓક્શન પોર્ટલનું લોન્ચિંગ કરશે.

આ પોર્ટલનું લોન્ચિંગ હરાજી પ્રક્રિયામાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને કામગીરીમાં સરળતાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પોર્ટલ ખેડૂતો, સભ્ય સંસ્થાઓ અને હિસ્સેદારોના હિતમાં હરાજી સંબંધિત પ્રવૃત્તિઓને સુવ્યવસ્થિત કરવા અને NAFEDની એકંદર કામગીરીને વધારવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડશે તેવી અપેક્ષા છે.

## MEA- INDIA MOROCCO

ભારત-મોરોક્કો સંયુક્ત કાર્યકારી જૂથની આતંકવાદ વિરોધી બીજી બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઈ હતી.

આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ ડૉ. વિનોદ બહાદે અને મોરોક્કોના રાષ્ટ્રીય ન્યાયિક પોલીસના વડા હિચામ બાલીએ કરી હતી.

આ બેઠક દરમિયાન, બંને પક્ષોએ સરહદ પાર આતંકવાદ સહિત તેની સાથે સંકળાયેલા તમામ ગતિવિધિઓની સ્પષ્ટપણે નિંદા કરી હતી.

## NSA DOVAL-CHINA WANG

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે વાતચીત કરી હતી, જેમાં બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના મુખ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ગઈકાલે નવી દિલ્હીમાં ચાલી રહેલી 16મી બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની બેઠકની બાજુમાં આ વાતચીત થઈ હતી. બેઠકમાં, શ્રી ડોભાલે ભાર મૂક્યો હતો કે સ્થિર, અનુમાનિત અને રચનાત્મક દ્વિપક્ષીય સંબંધો બંને પક્ષો વચ્ચે વધુ ગાઢ વિશ્વાસ બનાવશે.

## HOCKEY

ભારતીય પુરુષ હોકી ટીમ આજે FIH પ્રો લીગની પ્રારંભિક મેચમાં હરીફ પાકિસ્તાન સામે ટકરાશે.

2024માં ચીનના એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની તેમની ટક્કર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે આ પ્રથમ મુકાબલો હશે, જ્યાં ભારત 2-1 થી વિજય સાથે વિજયી બન્યું હતું. છેલ્લા 10 વર્ષમાં ભારત 17 મેચોમાં અપરાજિત રહ્યું છે, જેમાં 15 જીત અને બે ડ્રોનો સમાવેશ થાય છે.

# BADMINTON

બેડમિન્ટમાં ભારતીય ખેલાડી લક્ષ્ય સેન અને તન્વી શર્મા આજથી કેલિફોર્નિયામાં શરૂ થઈ રહેલી યુએસ ઓપન સુપર ટુર્નામેન્ટમાં ભારત તરફથી રમશે.

લક્ષ્ય સેન, પુરુષોની સિંગલ્સની સ્પર્ધાના શરૂઆતના રાઉન્ડમાં બેલ્જિયમના જુલિયન કેરાગી સામે ટકરાશે. કિદામ્બી શ્રીકાંત, તેના પ્રથમ રાઉન્ડના મુકાબલામાં ચાઇનીઝ તાઇપેઈના લિયાઓ ઝુઓ-કુ સામે ટકરાશે.

# VALLEY BALLY

ગુજરાતનાં અમદાવાદમાં ચાલી રહેલી એવીસી મેન્સ કપ 2026 વોલીબોલ સ્પર્ધામાં યજમાન ભારતે વધુ એક શાનદાર જીત નોંધાવી છે. પૂલ-એની મહત્વપૂર્ણ મેચમાં ગઇકાલે ભારતે ચાઈનીઝ તાઈપેઈને 3-1થી હરાવી સતત ત્રીજો વિજય મેળવ્યો છે.

મેચની શરૂઆતમાં ભારત પ્રથમ સેટ 22-25થી હારી ગયું હતું, પરંતુ ત્યારબાદ ભારતીય ખેલાડીઓએ જોરદાર લડત આપી હતી. ભારતે ત્રણેય સેટ 25-14, 25-22 અને 25-22થી જીતી મેચ પોતાના નામે કરી હતી. આ જીત સાથે ભારતે ત્રણ મેચમાં નવ પોઈન્ટ મેળવી પૂલ-એમાં ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે તમામ અખબારોમાં લખનઉમાં કોચિંગ ક્લાસમાં આગ અંગેના સમાચાર મુખ્યત્વે વાંચવા મળી રહ્યા છે.
- સંદેશ, ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કર લખે છે કે, લખનઉ કોચિંગ સેન્ટરમાં આગ, 15 ભૂંજાયા, મોટા ભાગના વિદ્યાર્થીઓ.
- જ્યારે નવગુજરાત સમય અને ફૂલછાબ લખે છે કે, લખનઉમાં કોચિંગ ક્લાસ બન્યો લાક્ષાગૃહ, 15 જીવતા ભૂંજાયા.
- અન્ય સમાચારોમાં ઈરાન રોજ 20 લાખ બેરલ ક્રૂડ વેચશે, હોર્મુઝ ખોલશે, નબળા ચોમાસાથી મોંઘવારી ભડકે બળશે: RBI, કતારના ગેસ પ્લાન્ટમાં વિસ્ફોટથી ભારતીય સહિત 13 ના મોત જેવા સમાચાર છે.
- જ્યારે સ્થાનિક સમાચારોમાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી રથયાત્રાના સમાચાર અલગ-અલગ એંગલથી વિવધ અખબારોમાં છે. ભાવનગર મેડિકલ કોલેજ રેગિંગ કાંડ: 7 સિનિયર સસ્પેન્ડ, ડૉક્ટર ફરાર, ગાંધીનગરમાં શિષ્યવૃતિનું કરોડોનું કૌભાંડ આચારનાર ઝડપાયો, ભાવનગરમાં ગજવીજ સાથે 2 ઇંચ વરસાદ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.